આઇ.ટી.ના સાધન ટેબ્લેટની ખરીદી માટેની બ્રાન્ડસ અને પ્રાઇસબેન્ડ બાબત...

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએબી/૧૦/૨૦૧૫/૨૮૧૧૩૧/આઇ.ટી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૮/ ૧૦ / ૨૦૧૬

**વંચાણે લીધા:**

૧. વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો ઠરાવ ક્રમાંક: ટીબીટી/૧૦/૨૦૧૫/૨૮૧૧૩૧/આઇ.ટી. તા. ૦૩.૦૯.૨૦૧૫
૨. વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો ઠરાવ ક્રમાંક: ટીબીટી/૧૦/૨૦૧૫/૨૮૧૧૩૧/આઇ.ટી તા. ૧૭.૧૧.૨૦૧૫.
૩. તા. ૨૦.૦૯.૨૦૧૬ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

**આમુખ:**

રાજય સરકારના જુદા જુદા વિભાગોની, વિદ્યાર્થીઓ અને અન્ય લાભાર્થીઓને ભણતર માટે ઉપયોગી થઇ શકે તે હેતુથી, ટેબ્લેટ આપવાની જોગવાઇઓ થયેલ છે. યોગ્ય બ્રાન્ડના સારી ગુણવત્તાવાળા ટેબ્લેટ વિદ્યાર્થી/લાભાર્થી બજારમાંથી જાતે ખરીદી કરી, ઉપયોગ કરે અને સરકાર તેની યોજના સ્વરૂપે તે ખરીદી પેટે નાણાકીય સહાય આપે, તે માટેની વ્યવસ્થા વર્ષ ૨૦૧૫-૧૬ થી વંચાણે લીધેલા ઠરાવોથી ઊભી કરવામાં આવેલ હતી.

૨. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા. ૦૩/૦૯/૨૦૧૫ના ઠરાવથી ટેબ્લેટ માટેની બ્રાન્ડ અને કિંમત નક્કી કરવા સમિતિની રચના કરવામાં આવેલ તથા ક્રમાંક (૨) સામેના તા.૧૭/૧૧/૨૦૧૫ ના ઠરાવથી તા. ૩૧/૩/૨૦૧૬ સુધી અમલમાં રહે તે રીતે સરકારશ્રી દ્વારા ટેબ્લેટના બ્રાન્ડ અને તે માટેની અંદાજીત પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવેલ હતી. તા. ૧૭/૧૧/૨૦૧૫ ના ઠરાવની જોગવાઇ અનુંસાર ટેબ્લેટની બ્રાન્ડસ અને કિંમત પુન: નક્કી કરવાની થાય છે. જે બાબત ટેબ્લેટની બ્રાન્ડસ અને પ્રાઇસબેન્ડ નક્કી કરવા નિયત કરવામાં આવેલ સમિતિની તા. ૨૦/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ બેઠકમાં ટેબ્લેટસની બ્રાન્ડસ અને

કિંમત નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ લઇ, સરકારશ્રીને સૂચિત કરવામાં આવી હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ અને અન્ય લાભાર્થીઓને અપાતા ટેબ્લેટસની ખરીદી અંગે વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવેસરથી બ્રાન્ડસ અને પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવેલ છે, જે **પરિશિષ્ટ-ક** તરીકે આ સાથે સામેલ છે.

૨. નક્કી કરેલ ટેબ્લેટસની બ્રાન્ડસ અને પ્રાઇસ બેન્ડ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ અથવા આ અંગે નવો ઠરાવ બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા. ૧૭/૧૧/૨૦૧૫ ઠરાવની શરતો યથાવત રહેશે.

૪. લાભાર્થીએ પરિશિષ્ટ-ક માં નિયત કરેલા બ્રાન્ડસનાં ટેબ્લેટ તેમની સામે દર્શાવવામાં આવેલ પ્રાઇસ બેન્ડની મર્યાદામાં ખરીદી કરી શકશે, પરંતુ તે માટે સરકારની સહાયની રકમ રૂા. ૯,૦૦૦ અથવા ટેબ્લેટની ખરીદ કિંમત એ બેમાંથી જે રકમ ઓછી હશે તે ચૂકવવામાં આવશે.

૫. આ ઠરાવ, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૦૧/૧૦/૨૦૧૬ ના રોજ મળેલ નાણાં વિભાગની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેમાંગ પુરોહિત)
**નાયબ સચિવ (આઇ.ટી.),**
**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,**
**ગુજરાત સરકાર.**

**<u>નકલ સવિનય રવાના:</u>**

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સર્વે ખાતાના વડાશ્રીઓ, બોર્ડ, કોર્પોરેશન તથા ગાંધીનગર ખાતેની સરકારશ્રીનાં તાબા હેઠળની કચેરીઓ.
* સર્વે કલેક્ટરશ્રીઓ
* સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
* એકાઉન્ટટ જનરલશ્રી(A&D), ગુજરાત, રાજકોટ
* એકાઉન્ટટ જનરલશ્રી (ઓડીટ-૧) બહુમાળી બીલ્ડીંગ, લાલ દરવાજા, અમદાવાદ
* નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
* નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
* શાખા સિલેક્ટ ફાઇલ.

# પરિશિષ્ઠ–ક

| Sr. No. | Make & Model of the Tablets | Price Band (In Rupees) |
|---|---|---|
| 1 | Lenovo Tab 2 A7-30 | Rs. 7,000 - Rs. 9,000 |
| 2 | Lenovo Tab 3 7” | Rs. 7,000 - Rs. 9,000 |
| 3 | Acer Iconia Tab 7 A1-713 | Rs. 8,000 - Rs. 9,500 |
| 4 | Samsung T116 | Rs. 8,000 - Rs. 9,500 |
| 5 | Dell Venue 7 | Rs. 7,000 - Rs. 8,000 |
| 6 | Dell Venue 7 3G | Rs. 9,000 - Rs. 11,000 |
| 7 | Dell Venue 8 Pro | Rs. 10,000 - Rs. 12,000 |
| 8 | Lenovo Tab2 A8-50 | Rs. 10,000 - Rs. 12,000 |
| 9 | HP Stream 8 | Rs. 10,000 - Rs. 12,000 |